# વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ, બાબેન. (ગુજરાતી માધ્યમ)

**મુ.પો. બાબેન, અવધ લાઇફ સ્ટાઇલની સામે, બાબેન, તા. બારડોલી, જિ. સુરત. મો. 91575 44555**

**परस्परं भावयन्तः**

**"સાચા અને ખોટાને પારખી શકવાનો વિવેક એ જ છે સાચું શિક્ષણ"- ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણન્**

પરમ સ્નેહી વાલીશ્રી,

વંદેમાતરમ્, સાદર વંદન !

સવિનય જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ **2025-26** ના પ્રથમ સત્રની શુભ શરૂઆત ખૂબ સારી થઈ. ''શાળા એ બાળકનું બીજું ઘર છે.'' બાળક પોતાના જીવનમાં વિવિધ સ્તરે એક પછી એક મૂલ્યોને આત્મસાત કરતો રહે એવી કેળવણી અને એવો માહોલ નિર્માણ કરવાની સંપૂર્ણ જવાબદારી આપણાં સૌની છે. તેથી સમયાંતરે શાળા દ્વારા વાલી શિક્ષક મિટિંગનું આયોજન કરવામાં આવતું હોય છે.

આપણી શાળામાં **ધો. 4 થી ધો. 9 ના વિદ્યાર્થીઓના વાલીશ્રીઓ માટે તાઃ 15-06-2025 ને રવિવારના રોજ સામૂહિક ગ્રુપ મિટિંગનું આયોજન કરેલ છે.** જેમાં વાલીશ્રીએ નક્કી કરેલા સમયે શાળાના ઑડિટોરીયમમાં સ્થાન લેવાનું રહેશે.

આ વાલી-શિક્ષક મિટિંગમાં જે તે ધોરણને ધ્યાનમાં રાખી આપશ્રીને આપણી શાળા, શાળાની કાર્યશૈલી, શાળાની શિક્ષણ પદ્ધતિ, શાળાની સ્કીલ ડેવલપમેન્ટ પ્રવૃત્તિ, શાળાના વિશિષ્ટ પ્રયોગો અને બાળકોના સંસ્કાર સિંચન અંગે વિગતવાર માહિતી આપવામાં આવશે.

આમ આ વાલી-શિક્ષક મિટિંગ ફક્ત વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખી યોજવામાં આવેલ હોવાથી આપશ્રીએ ઉપસ્થિત રહેવું ફરજિયાત છે.

**વાલી-શિક્ષક મિટિંગ :-** તા. 15-06-2025 ને રવિવાર **સમયઃ -** સવારે 10:15 કલાકે **સ્થળ : -** ઑડિટોરીયમ

- **વાલી-શિક્ષક મિટીંગના દિવસે તા. 15-06-2025 ને રવિવારના રોજ પી.ટી. યુનિફોર્મનું વિતરણ રાખેલ છે.**
- **જે વિદ્યાર્થીઓને પી.ટી.યુનિફોર્મ લેવાના બાકી હોય તેઓએ વાલી-મિટીંગ શરૂ થતા પહેલા એટલે કે જણાવેલ સમયમાં મેળવી લેશો.જેથી અવ્યવસ્થા ન સર્જાય.**
- **પી.ટી.યુનિફોર્મ મેળવવાનો સમય :- સવારે 9:00 થી 10 :00 કલાક દરમિયાન**
- વાલી-શિક્ષક મિટિંગમાં ફક્ત વાલીશ્રીએ જ **ઑડિટોરીયમ**માં હાજર રહેવું. પી.ટી. યુનિફોર્મ માટે સાથે આવેલ વિદ્યાર્થીઓએ નીચેના વર્ગખંડમાં બેસવાનું રહેશે.
- પાર્કિંગમાં અવ્યવસ્થા ન થાય તે ખૂબ જરૂરી છે, આથી આપનું વાહન ગમે ત્યાં પાર્ક નહિ કરતાં **નવા પાર્કિંગમાં** યોગ્ય જગ્યાએ પાર્ક કરી વ્યવસ્થાપકને સહકાર આપશો.
- **જો આપના બાળકની શૈક્ષણિક વર્ષ 2025-26 ના પ્રથમ સત્રની ફી બાકી હોય તો વાલી-શિક્ષક મિટિંગનાં દિવસે આપે ફરજિયાત ભરવાની રહેશે, જેની ખાસ નોંધ લેવી.**
- **નોંધ :- વાલીશ્રીએ નિર્ધારીત સમય પ્રમાણે જ પી.ટી. યુનિફોર્મ તેમજ વાલી-શિક્ષક મિટિંગમાં આવવાનું રહેશે.**

આચાર્યશ્રી,

વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ (ગુજરાતી માધ્યમ)